જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૫/૦૪/૨૦૨૩ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૨૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૦૭ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૬૭ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧૧ બીયરટીન, ૦૧ સ્કુટર, ૦૪ મોટર સાયકલ અને ૦૧ બસ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૭૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૨૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૬૨૪/૨૦૨૩

**ગુજરાત યુનિવર્સીટીઃ** રૂપેનભાઇ પ્રફુલચંદ્ર છાયા (ઉ.વ.૪૫)(રહે, સુપર સોસાયટી, રામદેવ નગર) એ તા.૧૪/૦૪/૨૦૨૩ ના રોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને-૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન રૂપેનભાઇની કંપનીમાં કામ કરતા આરોપી (૧) વિશાલ જયકીશનવ્યાસ (૨) મોહમદનવાજ મોહમદઆરીફ મેમન અને (૩) આશીષ ભાસ્કરભાઇ પટેલ એ ભેગામળી કંપનીના ગ્રાહકો પાસેથી વાહન વેચાણ અર્થેના નાણા કુલ રૂપિયા ૧૯,૨૪,૩૦૧/- ગ્રાહકો પાસેથી મેળવી લઇ પોતાના પર્સનલ ખાતાઓમાં મેળવી લઇ, બોગસ મની રીસીપ્ટ, બોગસ ઇન વોઇસ, બોગસ ઇન્સ્યોરન્સ પોલીસી, આર.ટી.ઓ. ટેક્સની બોગસ રીસીપ્ટ, બોગસ ડી.ઓ. લેટર બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી રૂપેનભાઇની કંપની તથા કંપનીના ગ્રાહકો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.જાડેજા ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૨૫/૨૦૨૩**

**નારોલઃ** કનન બાસકરે એજવા (ઉ.વ.૩૬)(રહે.ભગીરથ સીટી નારોલ અસલાલી હાઇવે શ્રીજી બંગ્લોઝ પાસે નારોલ)એ તા.૧૪/૦૪/૨૦૨૩ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૩/૨૦૨૩ બપોરના ૧/૦૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૬૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૨૬/૨૦૨૩**

**શાહીબાગઃ** દિનેશભાઈ ગોવિંદભાઈ ઓડ (ઉ.વ.૫૩)(રહે.ઓડવાસની ચાલી, ચમનપુરા ચકલા, શાહીબાગ) એ તા.૧૪/૦૪/૨૦૨૩ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૨/૨૦૨૩ ના કલાક ૦૦/૩૦ થી સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન દિનેશભાઇ પોતાના ઘરની બહાર રોડ ઉપર સુતા હતા ત્યારે તેમના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- કોઈ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.સી.ગામેતી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૨૭/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** વિણાબહેન મહેશચંદ્ર મહેતા (ઉ.વ.૬૮)(રહે.બાલાજી એવન્યુ, માનસી સર્કલ પાસે, વસ્ત્રાપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૪/૨૦૨૩ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે શરીર ઉપર કેરોશીન છાંટી સળગી જતા, ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૪/૨૦૨૩ સવારના ૫/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઈ ગોવાભાઇ ચલાવે છે.

**સાબરમતીઃ** (૧) સિરીનીતી ડો/ઓ ગણેશ નાયડુ (ઉ.વ.૧૭)(રહે.અદાણી પ્રથમ, ત્રાગડ રોડ સાબરમતી) એ અગમ્ય કારણોસર તા.૧૪/૦૪/૨૦૨૩ બપોરના ૧૨/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.જી.દેવમણી ચલાવે છે.

**સાબરમતીઃ** (૨) કૃણાલભાઇ હરેશભાઇ પીઠડીયા (ઉ.વ.૩૫)(રહે.પોલારીસ આનંદ અબજીબાપા ગ્રીનસ સામે ૧૦૦ ફુટ વિરાટનગર રોડ નિકોલ) એ અગમ્ય કારણોસર તા.૧૪/૦૪/૨૦૨૩ બપોરના ૧/૧૫ વાગ્યા પહેલા સાબરમતી પાવર હાઉસ ગાયત્રી કોમ્પ્લેક્ષ "રોશની હોટલ" રૂમ નંબર-૩૦૩ ખાતે પોતાના ડાબા હાથની કલાઇ ઉપર બ્લેડ મારી ઇજાઓ પહોચાડી તેમજ રૂમના પંખાના હુક સાથે ટુવાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદકુમાર ચંદુલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી